# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,

બનાસકાંઠા વન વિભાગ,
સોનારીયા બંગલો, બનાસડેરી રોડ,
પાલનપુર – ૩૮૫૦૦૧

सत्यमेव जयते

Tel. No.: (02742) 257084
E-mail : bkforestdiv@gmail.com
Fax No.: (02742 ) 252543


ક્રમાંક : વસંધા/૧૭/અ/ ૨૬૮ /૧૫૮/૨૦૨૦-૨૧

તારીખ : ૬ /૮/૨૦૨૦

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન્યજીવ વર્તુળ,
ગાંધીનગર.

વિષય: Diviersion of Forest land for use of Awal Village, Forest Survey No. 718 (Old S.No. 295pt) Total Area 0.1036 Ha. Purpose of entry Road Shri Vijaykumar Kalidas Mandora Palanpur. At. & Post Palanpur, Ta-Palanpur, Dist. Banaskantha.

સંદર્ભ: ૧. યુઝર એજન્સીના પત્ર તારીખ:
(૧) તા.૯/૭/૨૦૧૮ તથા તા.૧૮/૯/૨૦૧૯
(૨) તા.૪/૧૨/૨૦૧૯ (૩) તા.૪/૮/૨૦૨૦
૨. અત્રેના પત્રાંક: (૧) વસંધા/૧૭/અ/૧૦૭-૦૮, તા.30/૫/૨૦૨૦
(૨) વસંધા/૧૭/ક/૩૫૯, તા.૬/૭/૨૦૨૦
(૩) વસંધા/૧૭/ક/૨૭૩, તા.૧૭/૬/૨૦૨૦
૩. આપના પત્રાંક: જમન/બ/૬/૩૯૬, તા.૨૫/૬/૨૦૨૦

સાદર ઉપરોકત વિષય પરત્વે નિવેદન કે, અરજદારશ્રી વિજયકુમાર કાળીદાસ મંડોરા, રહે. પાલનપુર, તા.પાલનપુર જિ. બનાસકાંઠા ધ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની માલીકી સર્વે નંબર ૧૯૩/૧૯૪ (જુનો સર્વે નં. ૨૮૪) માં એન્ટ્રી રોડની દરખાસ્તને ઓનલાઇન કરી સંદર્ભ પત્ર-૧ (૧) થી હાર્ડકોપીમાં અત્રે રજુ કરેલ; જે દરખાસ્તમાં અત્રેના વિભાગનો ડાયવર્ઝન થતો વિસ્તાર 0.૧૦૩૬ હેકટર છે. જેમાં, અત્રેના સંદર્ભ પત્ર-૨ થી યુઝર એજન્સીને રજીસ્ટ્રેશન ફી તેમજ પ્રોસેસીંગ ફી પ્રતિ હેકટર ૮૭૮૨ ફોરેસ્ટ રેમીટન્સ સદરે ભરપાઇ કરવા જણાવતાં તેમના સંદર્ભ પત્ર-૧(૨) થી સદર રકમ ભરપાઇ કરી ચલણ અત્રે રજુ કરેલ. સદર દરખાસ્તમાં ડાયવર્ઝન થતા જંગલ વિસ્તારની વન સંરક્ષણ ધારા - ૧૯૮૦ હેઠળની દરખાસ્ત નિયત નમુનાના ફોર્મમાં તૈયાર કરી ૪ નકલમાં સામેલ રાખી અભિપ્રાય સહ અત્રેના સંદર્ભ પત્ર-૨(૧) થી સાદર કરવામાં આવેલ હતી. જેમાં, આપના સંદર્ભ પત્ર-૩ થી પુર્તતા માંગતાં અત્રેના સંદર્ભ પત્ર-૨(૨) થી એજન્સીને પુર્તતા માટે જણાવતાં તેમના સંદર્ભ પત્ર-૧(૩) થી પુર્તતા અહેવાલ રજુ કરેલ છે. આપના સંદર્ભ પત્ર-૩ થી માંગેલ મુદ્દા નં. (૧) થી (૨) નો પુર્તતા અહેવાલ નીચેની વિગતે મુળ દરખાસ્ત ચાર પ્રતમાં સામેલ રાખી સાદર કરવામાં આવે છે. જે વિદિત થાય.

(૧) યુઝર એજન્સી ધ્વારા એનેક્ષર નં. ૧૦ માં મિનીમમ જંગલની જમીનની માંગણી કરવામાં આવેલ છે. જેમાં '૧૨ મીટર પહોળાઇ રસ્તાની ખેતરમાં જવાની માંગણી માટે સુસંગત હોય તેમ જણાતું નથી. તે બાબતે યુઝર એજન્સીના સંદર્ભ પત્ર- ૧(૩) થી જણાવ્યા મુજબ "મોજે. આવલ, તા. અમીરગઢમાં આવેલ અમારા માલિકી સર્વે નંબર ૭૧૮ (જુના સ.નં. ૨૯૫ પૈકી) માં જવા-આવવા

ના એન્ટ્રી રોડ માટે ૧૨ મીટર પહોળાઇના રસ્તાની દરખાસ્ત કરેલ છે. અમારા માલિકી સર્વે નં. ૭૧૮ (જુના સ.નં. ૨૯૫ પૈકી) ના વિસ્તારની બિન ખેતીની પ્રક્રિયા ચાલુ હોય બાયોલોજ પ્રમાણે ૧૨ મીટર રસ્તાની આવશ્યકતા છે. તેથી અમોએ જવા-આવવા માટે ૧૨ મીટરના રસ્તાની દરખાસ્ત કરેલ છે." (નકલ સામેલ છે)

(૨) અરજદારશ્રીનો માંગણીવાળો વિસ્તારનો આપના વિભાગમાં ઇકો સેન્સીટીવ ઝોનમાં સમાવેશ થાય છે કે કેમ ? તે બાબતે જણાવવાનું કે, ડાયવર્ઝન થતો માંગણીવાળો વિસ્તાર બાલારામ-અંબાજી અભયારણ્યથી ૮૭૫ મીટર અંતરે આવેલ છે. જે અભયારણ્ય વિસ્તારથી ૧૦ કિ.મી. ત્રિજયામાં આવે છે. સદર અભયારણ્યનો ઇકો સેન્સીટીવ ઝોન જાહેર થયેલ ના હોઇ સરકારશ્રીના તા.૩૧/૫/૨૦૧૨ ના ઠરાવ અનુસાર ઇકો સેન્સીટીવ ઝોન ૧૦ કિ.મી. સુધી ગણવાનો રહે છે. જે બાબતે અત્રેના સંદર્ભ પત્ર-૨(૩) થી માંગણીવાળા વિસ્તારની ઇકો સેન્સીટીવ ઝોનની મંજુરી મેળવવા અંગેની દરખાસ્ત પ્રથમ ઓનલાઇન કરી હાર્ડકોપી રજૂ કરવા માટે યુઝર એજન્સીને જણાવેલ છે. (નકલ સામેલ છે)

બિડાણ : ઉપર મુજબ

(આર.એલ.જાલંધરા)
નાયબ વન સંરક્ષક,
બનાસકાંઠા, પાલનપુર

નકલ જય ભારત સહ રવાના :- શ્રી વિજયકુમાર કાળીદાસ મંડોરા, રહે. ૫૦૫, શ્રી આશ્રય રેસીડેન્સી, મહિલા મંડળની સામે, કંથેરીયા હનુમાન રોડ, પાલનપુર, તા. પાલનપુર જિ. બનાસકાંઠા તરફ આપના સંદર્ભ પત્ર અન્વયે જાણ થવા વિનંતી છે.